Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# રાષ્ટ્રનિર્માણ અંગે ગાંધીવિચારોની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા

## યુવાનો માટેની દીવાદાંડી : મહાત્મા ગાંધી

પ્રા. જોષી શૈલેષકુમાર વિ.
(આસિ.પ્રો. ગુજરાતી વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ )

પ્રાસ્તાવિક:

આપણા કવિશ્રી રમેશ પારેખે લખ્યું છે:

*"કોનામાં લીલો મોલ લચી પડશે, શી ખબર?*
*સર્વત્ર મારા જીવનનો વરસાદ તો કરી જોઉં."*

વિચાર-વાણી અને વર્તનમાં ભેદ હોય એના પર વિશ્વાસ ન કરવો જોઈએ. એવું આપણે સાંભળીએ છીએ. મોહનદાસ કરમચંદ ગાંધી જેવું જીવ્યા છે એવું બોલ્યા છે અને જેવું બોલ્યા છે એવું જીવ્યા છે. *"મારું જીવન એ જ મારો સંદેશ છે."* આ વિધાન કરવા માટે એક આખા જીવનને ખૂબ જ કાળજીપૂર્વક ઉછેરવું પડે છે. ગાંધીજી આવું બોલી શક્યા એની પાછળ એનું તપ હતું. ગાંધીજીના વિચારોને વાંચવા માટે અખૂટ પુસ્તકો ઉપલબ્ધ છે. એની આત્મકથા ઉપરાંત મંગળપ્રભાત, આરોગ્યની ચાવી વગેરે... અહી ગાંધીજીના જીવન અને કવનની વર્તમાનમાં પ્રસ્તુતતા કેટલી એના વિષે થોડી ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

જીવન ઝરમરમાંથી સંદેશ :

જીવનની દરેક ઘટના ભવિષ્યનો વરતારો છે. આ સંકેતને ઓળખી લેવા માટે કદાચ ઉંમર નાની પડે પણ એક ઉંમર વટાવી ગયા પછી, કોઈ લક્ષ્યપ્રાપ્તિ કરી લીધા પછી ફરીથી જીવનની કેસેટને રિવર્સમાં જોઈએ ત્યારે પેલી નાનકડી ઘટના એક મોટા પરિવર્તનના ઉદ્ગમસ્થાનસમી પ્રતીત થાય છે. આવું જ મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ આપણે અનુભવી શકીએ છીએ. સેન્ટ પીટ્ઝરબર્ગના રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી જે ધક્કો વાગ્યો એ ગાંધીજીને ક્યાં વાગ્યો હતો એનો અનુભવ ન કેવળ આફ્રિકન પ્રજાએ જ કર્યો બલકે ભારત સુધી એના પડઘા સંભળાયા. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ વિરુદ્ધ અવાજ ઉઠાવનાર મોહનદાસ કરમચંદ ગાંધીને આ આંદોલનમાં સફળતા મળે છે પછીથી એ જીવનના તમામ રંગોને ભેદી નાખે છે. સામાન્ય રીતે આવા ધક્કામાં માણસ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે જયારે ગાંધીને વાગેલા આ ધક્કાએ એના આત્મવિશ્વાસને ઊભો કરી દીધો. જો આ ધક્કો વાગ્યા પછી ગાંધીજીએ એવું વિચાર્યું હોત કે અહી આ બધાની વચ્ચે ટકવું એ આપણું કામ નહિ તો આજે ભારત કઈ સ્થિતિમાં હોત એનો અંદાજો આપણે લગાવી શકીએ છીએ. પણ ગાંધીજીએ પોતાને વાગેલા ધક્કાથી પાછળ હટવાને બદલે એ ધક્કાની મદદ લઈને આગળ વધી જાય છે. અને એક ભારતીય યુવાનને આ આંદોલનની સફળતા એક નવા આયામ પર લઇ આવે છે. એનો આત્મવિશ્વાસ વધી જાય છે. એટલે જ કહેવાય છે કે, આપણી તરફ આવતા પ્રત્યેક પથ્થરને

પગથિયું બનાવતા શીખી લઈએ તો કોઈપણ લક્ષ્ય અશક્ય નથી. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ વિરુદ્ધ આંદોલન એ મોહનચંદ કરમચંદ ગાંધી માટે એક અભ્યાસમંચ બનીને આવે છે અને ત્યાં સત્ય અને નિષ્ઠાથી ગાંધીજી પોતાની ભૂમિકા નિભાવે છે. ગાંધીજીને ક્યાં ખબર હતી કે આ આંદોલન એના જીવનની એક નાનકડી ઘટના બની જશે. એને નહોતી ખબર કે ભારતમાં એક બહુ મોટો અવસર એની રાહ જોઇને ઊભો છે.

દક્ષિણ આફ્રિકાના આંદોલનના અનુભવોને ગાંધીજીએ ભારતની એક મહાન ક્રાંતિમાં જે રીતે ઉપયોગમાં લીધા એ પણ દરેક યુવાન માટે એક પથદર્શક બની રહે છે. દક્ષિણ આફ્રિકામાં જે મંચ પર ગાંધીજીએ લડત આપવાની હતી એ ખૂબ નાના પાયા પર હતી જ્યારે ભારતમાં સ્થિતિ સાવ જુદી હતી. અહી ભારતના મોટાભાગના પ્રદેશો અંગ્રેજોના પ્રભુત્વ હેઠળ દબાયેલાં હતા. ગાંધીજીના જન્મ પહેલાના સ્વતંત્ર થવાના વારંવાર નિષ્ફળ પ્રયાસો શરૂ હતા. ઈ.સ. ૧૯૧૫ માં ગાંધી ભારતની ધરતી પર પગ મૂકે. ક્યાંથી શરૂઆત કરવી એની કઈ સૂઝ નથી પડતી એટલે ભારતની સમગ્ર સ્થિતિનો તાગ મેળવવા માટે ભારતયાત્રા કરે. ભારતની દયનીય સ્થિતિ જોઇને ગાંધીજીનો ભીતરનો ભેરુ જાગે અને પગેરું હાથ લાગે. દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહ પછી પણ ગાંધીજી જોયા-જાણ્યા વિના ડગલું પણ ચાલતા નથી એ પણ યુવાનો માટે એક સંદેશ છે કે આપણે જે પણ ક્ષેત્રમાં કાર્ય કરવાનું છો તેનો સંપૂર્ણ ગ્રાફ આપણી પાસે હોવો જોઈએ. જે રસ્તો પસંદ કરીએ છીએ એ રસ્તા પરના પડકારો અને એનું સમાધાન અગાઉથી જ વિચારેલું રાખવું. 'જે થાય તે જોયું જશે' એવું વિચારીને કોઈપણ રસ્તે ચડેલા માણસની સફળતા અંગે કશું કહી શકાય નહિ. આપણને મળેલી સ્વતંત્રતા એ ગાંધીજીના એકલા હાથે મળી નથી પણ ગાંધીજી પહેલા થયેલા તમામ પ્રયત્નોને યોગ્ય દિશામાં કેવી રીતે વાળવા એ ગાંધીજી પાસેથી દરેક યુવાને શીખવા જેવું છે.

ગાંધીજી પાસે મોબાઈલ નહોતો, તેણે સોશિયલ મીડિયાનો ઉપયોગ નહોતો કર્યો છતાં આખા દેશમાં ગાંધીની આંધી ચાલી. એનું કારણ એનું જીવનલક્ષ્ય નક્કી હતું અને એની સત્ય પ્રત્યેની નિષ્ઠા અને અહિંસા હતા. સત્ય અને અહિંસાના બે હથિયારો/ સાધનોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી ગાંધીજી સમગ્ર દેશને પ્રભાવિત કરી શક્યા હતા. આજના યુવાન પાસે કેટકેટલી સુવિધાઓ છે એ સુવિધાનો વિનમ્રતાપૂર્વક ઉપયોગ કરી ધારે તે કરી શકે છે. આજના આ ઝડપી યુગમાં યુવાન દોડી તો રહ્યો છે પણ ક્યાં પહોંચવું છે એની શું એને ખબર છે? ગાંધીજી પાસેથી આપણે ગતિશીલતા કેવી હોવી જોઈએ એ શીખવા જેવું છે. અવ્યવસ્થાઓ વચ્ચે રહીને વ્યવસ્થિત કાર્ય કરી શકે એ ગાંધી. સામાજિક રીતે કઈ રીતે વિકસી શકાય એવા પ્રશ્નના જવાબમાં એટલું કહી શકાય કે તેણે ગાંધીજીના પત્રો વાંચવા જોઈએ. સોશિયલ મીડિયાનો ઉપયોગ ગાંધીજીના પત્રોમાંથી શીખી શકાય છે.

આ રીતે જોઈએ તો ગાંધીજી ૨૧ મી સદીના યુવાનો માટે એટલા જ પ્રસ્તુત છે. મોટાભાગની સમસ્યાઓના મૂળ તરફ ગાંધીજીએ સૌનું ધ્યાન બહુ પહેલાથી દોરેલું

છે. ગાંધી આજના યુવાન માટે એક દીવાદાંડી કહી શકાય. પણ આજના યુવાનોને ગાંધીની જરૂરિયાત કેટલી એ પણ એક પ્રશ્ન છે.....

ગાંધીવિચાર અને આપણી આજ :

ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રને ઉદ્બોધન કરતા આપણા વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, *"આજે સમગ્ર વિશ્વ સમક્ષ જે પડકારો છે જેવા કે, જળવાયુ પરિવર્તન, ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, કોમવાદ, અસ્પૃશ્યતા - આ બધા પ્રશ્નોનું નિરાકરણ ગાંધીજીની વિચારસરણી - કાર્ય વગરની સંપતિ, અંતરાત્મા વગરનો આનંદ, ચરિત્ર વગરનું જ્ઞાન, નૈતિકતા વગરનો વ્યવસાય, માનવતા વગરનું વિજ્ઞાન, ત્યાગ વિનાનો ધર્મ અને સિદ્ધાંતો વિનાનું રાજકારણ જોઈ શકીએ છીએ."* ગાંધીજીએ કહ્યું છે: *"જેનામાં નમ્રતા નથી આવતી તે વિદ્યાનો સદ્ઉપયોગ કરી શકતા નથી."* આજે વિશ્વ જયારે અણુસ્પર્ધામાં જે રીતે વ્યસ્ત છે તે જોતા ગાંધીજીનો આ વિચાર આજના સમયમાં કેટલો સાચો સાબિત થઇ રહ્યો છે એ આપણે અનુભવી શકીએ છીએ. *"બધા જ માણસોની જરૂરિયાત માટે જે છે એ પૂરતું છે, પણ એક જ માણસના લોભ માટે તો આ બધું અપૂરતું જ છે."* આજે વિશ્વના વિકસિત દેશો જે રીતે પોતાની શક્તિનું સામર્થ્ય બતાવવા માટે ઉતાવળા થઇ રહ્યા છે એનું કારણ કેટલાય વર્ષો પહેલા ગાંધીજીના વિચારોમાં આપણે જોઈ શકીએ છીએ. આજનો માનવી જયારે દરેક પળે જવાબદારીમાંથી છટકવાના કીમિયા શોધવામાં પોતાનો મોટાભાગનો સમય પસાર કરી રહ્યો છે અને જો તેનો કીમિયો કારગર નથી નીવડતો તો માણસ હતાશ અને નિરાશ થઈને પોતાને નિષ્ફળ ગણવા લાગે છે અને અંતે આત્મહત્યા જેવું પગલું પણ કેટલીક વાર ભરતો હોય છે એણે ગાંધીજીને વાંચવા જોઈએ. ગાંધીજીએ કહ્યું છે કે, *"આપણી જિંદગીમાં જો જવાબદારીઓ અને જોખમો ન હોત, તો જિંદગી કદી પણ જીવવા યોગ્ય ન હોત."*

સમાપન :

સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપણને આપણા તમામ પ્રશ્નોના ઉત્તર મળી જાય છે. એવું જ ગાંધીજીના જીવન અનુભવો બાબતે પણ આપણે નિ:સંકોચ કહી શકીએ છીએ. આજે નહિ તો કાલે ગાંધીજીના વિચારોને અમલમાં મુક્યા વિના આપણો ઉદ્ધાર થવાનો નથી. અંતમાં એક મારી રચના સાથે મારા આજના વિષયને વિરામ આપીશ.......

એનું નામ મહાત્મા ગાંધી.....

શૈલેશ જોશી 'આર્યન'

(રાગ: જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા.....)

એ પ્રગટી જ્યોતિ પોરબંદરથી બની પછી જે આંધી,
એનું નામ મહાત્મા ગાંધી, એ બન્યા મહાત્મા ગાંધી.
જેને ભારતની લાચાર પ્રજાને એક તાંતણે બાંધી,
એનું નામ મહાત્મા ગાંધી, એ બન્યા મહાત્મા ગાંધી.

જેણે સત્ય તણો સથવારો લઇ આ ભેટ ધરી આઝાદી:

જેણે અહિંસાનો આધાર લઇ કરી અંગ્રેજની બરબાદી(૨)
જેને સત્ય-અહિંસાની સોય વડે આ સ્વતંત્રતાને સાંધી.....
એનું નામ મહાત્મા ગાંધી, એ બન્યા મહાત્મા ગાંધી.

એ તો મુઠ્ઠીભર મીઠાને કાજે ગયા ચાલતા દાંડી,
એના પગલે પગલે પ્રજા ભારતની થઇ ઘેલીને ગાંડી(૨)
એની લાકડી સામે ગોરાની બંદૂક પડી ગઈ ઝાંખી....
એનું નામ મહાત્મા ગાંધી, એ બન્યા મહાત્મા ગાંધી.